# ભાવાંજલિ : પ્રાર્થના સંગ્રહ



**સ્વ. માલીબહેન**

(જન્મ ૧૫ નવેમ્બર ૧૯૩૧), (અવસાન ૧૦ નવેમ્બર ૧૯૮૧)

*અમારા સ્વ. માતૃશ્રી માલીબાના પુણ્ય*
*સ્મરણાર્થે સ્નેહીજનોને ભાવભરી ભેટ*

- પ્રકાશક -

મહેન્દ્રભાઈ મગનભાઈ ભકત
હસમુખ ના. ભકત  ઈશ્વરભાઈ મ. ભકત
સુમનભાઈ મ. ભકત  સુરેખાબહેન પ્ર. ભકત
સનવેલી : લોસએન્જિલસ : કેલિફોર્નિયા : અમેરિકા

# અમારી ભદ્ર ભાવના

અમારાં સ્નેહી બહેન માલીબહેનનું તા. ૧૦ નવેમ્બર ૮૧ના રોજ અવસાન થયું. તેનું અમને સૌને ઘણું દુઃખ હતું, તેમ છતાં આઘાતભર્યા હૈયે પણ અમે રોજ સાંજે નિયમિત પ્રાર્થના ચાલુ રાખી. પરલોકવાસી આત્માને શાંતિ મળે તેમ જ તેમનો વિયોગ સહન કરવાનું અમને બળ મળે એ માટે અમે શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરતા રહયા.

સ્વર્ગસ્થને પણ ભજન ખૂબ પ્રિય હતાં. સત્સંગમાં કે ભજનમંડળમાં ભાગ લેવાનું તેઓ કદી ચૂકતાં નહિ. વળી સ્વર્ગસ્થના પુત્રોને પણ એવી ભાવના ઉત્પન્ન થઈ કે સદ્‌ગતની પાછળ અમે નિત્ય પ્રાર્થના-ભજન કર્યા તેને વ્યવસ્થિત છપાવીને સૌ સ્નેહીઓને તેની માતૃ સ્મરણાર્થે લહાણી કરીએ !

આજે તેમની ભાવના આ પુસ્તિકામાં સાકાર થઈ રહી છે. તે પ્રસંગે તેઓને જેટલો આનંદ થશે તેટલો જ આનંદ વાચકોને પણ થશે એમ આશા રાખીએ.

આ પુસ્તિકા પુણ્યપ્રસંગે યા ધાર્મિક ઉત્સવોના પ્રસંગે સૌને ઉપયોગી થશે. જયાં સુધી એમાંનું બધું કંઠસ્થ ન થાય ત્યાં સુધી આ પુસ્તિકાને પ્રસંગોપાત સાથે રાખવી હિતાવહ છે. આશા છે, અમારી આ વિનંતીને પણ સૌ સ્નેહીજનો વધાવી લેશે !

તા. ૨૪ નવેમ્બર ૮૧
ડુઆર્ટી-લોસએન્જિલસ

ગોવિંદભાઈ લ. ભકતના
સાદર રામકબીર

# શ્રી રામકબીર સત્ય છે

શ્રી રામકબીર સત્ય છે

## *મંગલ મંદિર ખોલો*

મંગલ મંદિર ખોલો !
દયામય ! મંગલ મંદિર ખોલો ! .... ધ્રુવ.

જીવન વન અતિ વેગે વટાવ્યું,
દ્વારા ઊભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જયોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લો લો ! .... દયામય.

નામ મધુર તમ રટયો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો,
દિવ્ય તૃપાતુર આવ્યો બાળક,
પ્રેમ અમીરસ ઢોળો ! ....દયામય.

## *શાંતિ મંત્રો*

સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો,
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.

ક્ષમુ હું સર્વ જીવોને, સર્વ જીવો ક્ષમો મને,
મિત્ર હું સર્વ જીવોનો, વેર કો'થી ના મને

# ગોડી

(સાંજની આરતીનો પ્રારંભ ગોડીથી કરવો)

## પદ : ૧

શ્રી ગુરુને પાયે લાગું, પહેલા વહેલા
શ્રી ગુરુને પાયે લાગું.
કૃપા કરો તો કૃષ્ણ સેવા કરું
બીજું હું કાંઈ ન માંગું .... પહેલા વહેલા
દિયો ઉપદેશ સદા સુખકારી
જો મન નિર્મલ થાય
ત્રિવિધ તાપ મત્સર મોહ મમતા
વિકાર સઘળો જાય ... પહેલા વહેલા
ગુરુ દર્શનનો મહિમા માટો,
જાણે સંત સુજાણ,
ભાવ ધરી જે કોઈ સેવા કરશે,
પામે પદ નિર્વાણ ... પહેલા વહેલા
વેદ, પુરાણ, ભાગવત બોલે,
જેને હોયે ગુરુજીનો દઢ વિશ્વાસ,
શ્રી ગુરુ નારાયણ તેને મળશે,
કહે જન વૈષ્ણવદાસ ... પહેલા વહેલા

## પદ : ૨

કાહે ન મંગલ ગાયે, જશોદા મૈયા
કાહે ન મંગલ ગાયે ?
પુરણ બ્રહ્મ અખંડ અવિનાશી,
સો તેરી ધેનુ ચરાવે ... જશોદા મૈયા
કોટિ કાટિ બ્રહ્માંડના કર્તા
જપ તપ ધ્યાન ન આવે,
ના જાણું એ કૌન પુન્યસે,
તાકો ગોદ ખિલાવે ... જશોદા મૈયા.
બ્રહ્માદિક ઈન્દ્રાદિક શંકર,
નિગમ નેતી કરી ગાવે,
શેપ સહસ્ત્ર મુખે જપત નિરંતર,
સો તાકો પાર ન પાવે ... જશોદા મૈયા.
સુંદર વદન કમલ દલ લોચન,
ગૌધેનુ કે સંગે આવે,
આરતી કરત જશોદા મૈયા,
કબીરાજી દર્શન પાવે... જશોદા મૈયા.

## પદ : ૩

બહુત ભલો હે ભાઈ અવસર
બહુત ભલો હે,
મનષા દેહી દેવતાકો દુર્લભ,
સો દેહી તેં પાઈ ... અવસર.
તજ પાખંડ અવિધા પરપંચ,
છોડ ગુમાન બડાઈ,
માત તાત સ્વારથ કે લોભી,
માયા જાળ બંધાઈ ... અવસર.
જબ લગ જરા નિકટ નહી તેરે,
લે ગુરુ જ્ઞાન બડાઈ,
સંત સંગત મિલી ભજો ભગવંત,
સોહી સકલ સુખદાઈ ... અવસર.
કહું પોકાર ચેત નર અંધે,
આ તન એળે ગુમાઈ,
કહત કબીર દેહી કાચકો કુંપો
બીનસત બેર ન લાઈ ... અવસર.

## પદ : ૪

ગૌચારી ઘેર આવે શ્યામળિયો વ્હાલો ગૌચારી ઘેર આવે
પીઢારો પરવર્યો મોહન, મધુરી શી મુરલી બજાવે... ટેક
ગળે ગુંજામણીનો હાર મનોહર, મોર મુગટ શિર શોહે,
શ્યામ તણી સુંદરતા જોઈને, વ્રજનારીના મન મોહે...
શ્યામળિયો-૧
અગર ચંદનના સેર દેવડાવું, મોતીના ચોક પુરાવું,
નરસૈઈના સ્વામી મારે મંદિરે પધારો, શેરીએ ફૂલડાં વેરાવું...
શ્યામળિયો-૨

# આરતી

## પદ : ૧

આરતી હો દેવ શિરોમણિ તેરી,
અવિગત વિગત જુગત નહી જાણું,
કયો પહુંચે બુધ મેરી ... આરતી હો.
નિરાકાર નિર્લેપ નિરંજન,
ગુણ અતીત તુમ દેવા,
જ્ઞાન ધ્યાન સે રહત ન્યારા,
કિસબિધ કીજે સેવા ... આરતી હો.
નિગમ નેતિ બ્રહ્માદિક ખોજે,
રૂપ પાર નહી પાવે,
શંકર ધ્યાન ધરે નીશી બાસર,
સો ભી અગમ બતાવે ... આરતી હો.
સબ ગાયે અનુમાન આ આપણે,
તમ ગત લખી, નવ જાયે,
કહત કબીર કૃપા કરી જિન પર,
જયાં હે ત્યોં સમજાયે ... આરતી હો.

(મસ્તક નમાવી એક મિનિટ મૌન વંદના)

## પદ : ૨

શ્રી પદ્દનાભ પરિબ્રહ્મ પુરુષોત્તમ પેઠે નહિ રે,
હરિ અવિગત ગોવિંદ સંતજી રે,
સહાય કરો શ્રીપતિ ધણી રે,
હરિ ચત્રુભૂજ શ્યામલ વર્ણ, સારંગધર સોહામણો રે,
હરિ રૂંવડેલો વૈકુંઠનાથજી રે, દુકીત હરણ દામોદર રે,
હરિ નિરંજન નિરાકાર, નિષ્કલંક પુરુપે આરાધીએ રે,
ધન ગાઈએ દ્વારિકાનાથજી રે, શ્યામલ વર્ણ સોહામણો રે
હરિ સેવ્યો સમર્થ સાર, પાર લે એનો કોઈ નવ લહે રે,
હરિ સોહે છે અવિનાશ વ્હાલો, વાસ આપે વૈકુંઠ ધણી રે,
હરિ માધવ મુકુંદ મોરાર, મહાદેવ સોહામણો રે,
હરિ ભકિત મુકિત દાતાર લિયો, નારાયણ છે નિર્મલો રે,
સદા સારંગધર શું વિચાર, પાર લે કનૈયો આત્મા રે,
આવી વેગે મળયો વિશ્વાસ, તારો ને ત્રિભોવન ટળવળે રે,
જીવ તો મોહ્યો છે કુલમાહે, કલિકાલે જીવ જંપીઓ રે,
એ તો હરિ વિના નવ લહે શ્વાસ, શ્વાસ સદા સારંગધર રે,
સદા વૈષ્ણવ મન રહે ઉલ્લાસ, આનંદ અંગે ઉલટયો રે,
ભલે આવીયા પરિ બ્રહ્મ રાય,
વ્હાલો વૈષ્ણવજન માંહી પરવર્યો રે,
હરિનો વર્ત્યો જય જયકાર,
સાર બોલોની હવે સાચા ધણીનો રે,

હરિનો આવ્યો જયારે મન વિશ્વાસ,
ત્યારે પાસ છૂટયા ચાર ખાણનારે,
હરિ, ઘેર ઘેર વૈકુંઠ વાસ, દાસ તુમ્હારો વિનવે રે,
ભલે આવીયા પરિબ્રહ્મરાય, ભલે આવીયા પરિબ્રહ્મરાય,
સમર્થ ધણી સંતે સેવ્યો, આદિ અનાદિ એક તું,
સ્થાવર જંગમ તારું નામ, તું અમર ને તારું નામ,
સકલ વૈષ્ણવને પ્રણામ, સબ સંતોને પ્રણામ,
માતા પિતાને પ્રણામ, ગુરુદેવને પ્રણામ.
પરમ કૃપાળુ પરમાત્માને પ્રણામ.

(મસ્તક નમાવી એક મિનિટ મૌન વંદના)

## ધૂન

સત્ય નામ કબીર, સત્ય નામ કબીર
ગુરુદેવ કબીર, ગુરુદેવ કબીર,
આવો આવો રે કબીર, આવો આવો રે કબીર
ભીડ ભાંગો રે કબીર, ભીડ ભાંગો રે કબીર
દર્શન દેજો રે કબીર, દર્શન દેજો રે કબીર
સત્ય નામ કબીર, સત્ય નામ કબીર
ગુરુદેવ કબીર, ગુરુદેવ કબીર.

# સત્યનામ સદ્‌ગુરુ

## (શાંતિ પ્રાર્થના)

સત્યનામ સદ્‌ગુરુ કબીર હે પ્યારે
હે નાથ સદ્‌ગુરુ મેં શરણ તુમ્હારે
પ્રભુ તારે દ્વારે આવ્યો એ આત્મા
શાંતિ આપો હે પરમાત્મા
આજ અમો કરીએ છે તારી પ્રાથંના
શાંતિ આપો હે પરમાત્મા
જન્મો જન્મના ફેરા ટાળો
મુકિત આપો હે પરમાત્મા
શાંતિ આપો હે પરમાત્મા.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# સ્થિતઃપ્રજ્ઞનાં લક્ષણો

## (સાંજની પ્રાર્થના)

## વંદના

જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યા, સૂર્યાગ્નિવા વાદળાં,
જેનાં મંત્ર પુરાણ શાસ્ત્ર ભજનો, ગાયે ઋષિ વ્યાકુળાં,
યોગી ધ્યાન ધરીજ, સંયમ કરી, જેની કરે ઝંખના,
જેનો પાર ન કોઈયે લહી શકયાં, તે દેવને વંદના

અર્જુન બોલ્યા :
સમાધિમાં સ્થિતઃપ્રજ્ઞ જાણવો કેમ, કેશવ?
બોલે રહે, ફેર કેમ, મુનિ જે સ્થિર બુદ્ધિનો?

શ્રી ભગવાન બોલ્યા :
મનની કામના સર્વે છોડીને આત્મમાં જ જે,
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતઃપ્રજ્ઞ જાણવો,
દુઃખે ઉદ્વેગના ચિત્તે, સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ-ભય-ક્રોધ, મુનિ તે સ્થિર બુદ્ધિનો,
આસકત નહિ જે કયાંય, મળયે કાંઈ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર
કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી,
સંકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર.

નિરાહારી શરીરીનાં ટળે છે વિષયો, છતાં,
રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પરં,
પ્રયત્નમાં રહે તોયે, શાણા યે નરના હરે,
મનને ઈન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી,
યોગથી તે વશે રાખી, રહેવું મત્પરાયણ
ઈન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર,
વિષયોનું રહ્યે ધ્યાન, તેમાં આશકિત ઊપજે,
જન્મે આશકિતથી કામ, કામથી ક્રોધ નીપજે,
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિ લોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે,
રાગ ને દ્વેપ છૂટેલી, ઈન્દ્રિયો વિષયો ગ્રહે,
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા,
પામ્યે પ્રસન્નતા તેનાં, દુ:ખો સૌ નાશ પામતા,
પામ્યો પ્રસન્નતા તેની, બુદ્ધિ શીઘ્ર બને સ્થિર,
અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના,
ન ભાવહીનને શાંતિ, સુખ કયાંથી અશાંતને?
ઈન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહીની તે હરે બુદ્ધિ, જેમ વા નાવને જળે,
તેથી જેણે બધી રીતે, રક્ષેલી વિષયો થકી,
ઈન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર

નિશા જે સર્વે ભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા,

સદા ભરાતા અચલ પ્રતિષ્ઠ,
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે,
જેમાં પ્રવેશે સહુ કામ તેમ,
તે શાંતિ પામે નહિ કામકામી,

છોડીને કામના સર્વે, ફરે જે નર નિઃસ્પૃહ,
અહંતા મમતા મૂકી, તે પામે શાંતિ ભારત,
આ છે બ્રહ્મદશા એને, પામ્યે ના મોહમાં પડે,
અંત કાળેય તે રાખી, બ્રહ્મનિર્વાણ મેળવે.

## એકાદશ વ્રત

અહિંસા સત્ય અસ્તેય, બ્રહ્મચર્ય અસંગ્રહ,
શરીરશ્રમ અસ્વાદ, સર્વત્ર ભયવર્જન,
સર્વ ધર્મે સમાનત્વ, સ્વદેશી સ્પર્શભાવના,
આ એકાદશ સેવોજી, નમ્રત્વે વ્રત નિશ્ચયે.

## રાજપદ : હે પ્રભુ, હે પ્રભુ !

હે પ્રભુ, રે પ્રભુ, શું કહું, દીનાનાથ દયાળ,
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ, ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ,
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ, ૨
નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી,
આપ તણો વિશ્વાસ દઢ, ને પરમાદાર નાહી. ૩
જોગ નથી સત્‌સંગનો, નથી સત્‌ સેવા જોગ,
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ, ૪
હું પામર શું કરી શકું, એવો નથી વિવેક,
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક, ૫
અચિંત્ય તુજ મહાત્મયનો, નથી પ્રફુલિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ, ૬
અચલ રૂપ આશકિત નહિ, નહિ વિરહનો તાપ,
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ, ૭
ભકિત માર્ગ પ્રવેશ નહિ, નહિ ભજન દઢ ભાન,
સમજ નહિ નિજધર્મની, નહિ શુભ દેશે સ્થાન, ૮
કાળ દોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ,
તોયે નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ, ૯
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ,
દેહેન્દ્રિય માને નહિ, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયનયમ નહિ,
નહિ ઉદાસ અનભ્રકતથી, તેમ ગૃહાદિક માંહી, ૧૧
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નહિ,
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ, ૧૨
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય,
નહિ એકે સદ્‌ગુણ પણ, મુખ બતાવું શું ય. ૧૩
કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધું દીનાનાથ,
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ, ૧૪
અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન, ૧૫
સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક,
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક, ૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,
સત સાધન સમજયો નહિ, ત્યાં બંધન શું જાય, ૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહિ, પડયો ન સદ્‌ગુરુ પાય,
દીઠા નહિ નિજ દોષ તો, તરીયે કોણ ઉપાય, ૧૮
અધમાધમ અધિકો વિના, સકલ જગતમાં હુંય
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ૧૯
પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માગું એ જ,
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દઢતા કરી દેજ. ૨૦

## પદ : ૨

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ કરુણાસિંધુ અપાર,
આ પામર પર, પ્રભુ ! કર્યો અહો અહો ઉપકાર,
શું પ્રભુ ચરણ કને ધરું?, આત્માથી બહુ હીન,
સઘળું તો પ્રભુએ આપ્યું, વસ્તુ ચરણાધીન
આ દેહ આ દેહ આજથી વર્તુ પ્રભુ-આધિન,
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન,
ષટ સ્થાનક સમજાવીને ભિન્ન બનાવ્યો આપ,
મ્યાન થકી તલવારવત્‌, એ ઉપકાર અમાપ,
જેહ સ્વરૂપ સમજાયા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ, નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત,
પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખધામ,
જેણે આપ્યું જ્ઞાન નિજનું, તેને સદા પ્રણામ
દેહ છતાં જે આત્મરત વર્તે દેહાતીત,
તે ગુરુ જ્ઞાનીનાં ચરણોમાં હો વંદન અગિણીત.

## જય જગદીશ હરે

જય જગદીશ હરે, પ્રભુ જય જગદીશ હરે,
ભકતજનો કે સંકટ (૨) ક્ષણમેં દૂર કરે ... ૐ જય.
જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વિણ સે મનકા - પ્રભુ
સુખ સંપત્તિ ઘર આવે (૨) કષ્ટ મિટે તનકા ... ૐ જય.
માતપિતા તુમ મેરે, શરણ ગ્રહું કિસકી - પ્રભુ
તુમ બિન ઔર ન કોઈ (૨) આશા કરું કિસકી ... ૐ જય.
તુમ પુરણ પરમાત્મા, તુમ અંતરયામી - પ્રભુ
પરમ બ્રહ્મ પરમેશ્વર (૨) તુમ સબકે સ્વામી ... ૐ જય.
તુમ કરુણા કે સાગર, તુમ પાલન કર્તા - પ્રભુ
મૈં સેવક તુમ સ્વામી (૨) કૃપા કરો ભર્તા ... ૐ જય.
તુમ હો એક અગોચર, સબકે પ્રાણપતિ - પ્રભુ
કિસ વિધ મિલું દયામય (૨) તુમકો મૈં કુમતિ ... ૐ જય.
દીનબંધુ દુઃખહર્તા, તુમ રક્ષણ મેરે - પ્રભુ
કરુણા હસ્ત બઢાવો (૨) દ્વાર ખડા તેરે ... ૐ જય.
વિષય વિકાર મિટાઓ, પાપ હરો દેવા - પ્રભુ
શ્રદ્ધા ભકિત બઢાઓ (૨) સંતન કી સેવા ... ૐ જય.
તન મન ધન સબ કુછ હૈ તેરા - પ્રભુ
તેરા તુજકો અર્પણ (૨) કયા લાગે મેરા ... ૐ જય.

## ઈશ્વર સ્તવન

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ,
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ,
પ્રભુ એટલું આપજો, કુટુંબ પોપણ થાય,
ભૂખ્યા કોઈ સૂએ નહિ, સાધુ સંત સમાય,
અતિથિ ઝાંખો નવ પડે, આશ્રિત ના દુભાય,
જે આવે મમ આંગણે. આશિષ દેતો જાય,
સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છે મમ હિત,
શત્રુ ઈચ્છે મિત્રતા, પાડોશી ઈચ્છે પ્રીત,
વિચાર, વાણી, વર્તને, સૌનો સાચો પ્રેમ,
સગાં સ્નેહી મિત્રોનું ઈચ્છું કુશળ ક્ષેમ,
જોવા આપી આંખડી, સાંભળવાને કાન,
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન,
ઓ ઈશ્વર, તું એક છે, સર્જ્યો તે સંસાર,
પૃથ્વી, પાણી, પર્વતો, તે કીધાં તૈયાર,
તારા સારા શોભિતા, સૂરજ ને વળી સોમ,
તે તો સઘળાં તેં રચ્યા, જબરૂં તારું જોમ.

અમને આપ્યાં જ્ઞાન,ગુણ, તેનો તું દાતાર,
બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર,
કાપ કલેશ કંકાસને, કાપ પાપ પરિતાપ,
કાપ કુમતિ, કરુણા કિજે, કાપ કષ્ટ, સુખ આપ,
ઓ ઈશ્વર તમને નમું, માંગુ જોડી હાથ,
આપો સારા ગુણ અને સુખમાં રાખો ઠામ,
મન વાણી ને હાથથી, કરીએ સારાં કામ,
એવી બુદ્ધિ દો અને પાળો બાળ તમામ,
ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ.

અસત્યો માંહેથી
પ્રભુ, પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી
પ્રભુ, પરમ તેજે તું લઈ જા,
મહા મૃત્યુમાંથી
અમૃત સમીપે નાથ લઈ જા
તું હીણો હું છું તો
તુજ દરશનનાં દાન દઈ જા.

## પ્રભુની રચના છે એવી

અમારા બનેવી સ્વ. શ્રી નાથુરામ (દીગસ) નું પ્યારું ભજન

જન્મ : ૪-૬-૩૬ દેહવિલય : ૨૪-૬-૯૬

પ્રભુની રચના છે અવી કોઈ આવે કોઈ જાઈ,
આવ્યા એણે , વહેલા મોડા લેવી પડે વિદાય ... પ્રભુ.
અંતિમ ઘડી જે પળે લખાણી, કેમે ન મિથ્યા થાય. (૨)
જ્ઞાની ધ્યાની.. શોધી વળ્યા પણ જડયો નથી ઉપાય ... પ્રભુ.
સ્વજનને વ્હાલાની માયા, દુનિયાની સગાઈ, (૨)
ફરી ફરીને નામ રટી લો ઝખમ એમ રૂંઝાય ... પ્રભુ.
પ્રીતિ ને મમતાના તંતુ બંધન બની જાય, (૨)
જીવાત્માની મુકિત માર્ગે અવરોધી બની જાય ... પ્રભુ.
પૂર્વે જનમના કર્મો પ્રમાણે આયુષ્ય રેખા દોરાય, (૨)
જટીલ છે આ કોયડો એને કહે છે કર્મનો ન્યાય ... પ્રભુ.
મન વાંછિત મળે નં કોઈને પ્રભુનું ધાર્યું થાય, (૨)
ભાંગેલા સ્વપ્નાને ભૂલી ધૈર્ય ધરો મનમાંય ... પ્રભુ.
વિરહની છે આગ વરસતી, દિવો કરો દિલમાંય, (૨)
સમજવું પડે છે વરે, ખીલ્યું તે કરમાય ... પ્રભુ.
અદ્‌ભુત છે આ સમૂહ પ્રાર્થના, હૈયું હળવું થાય, (૨)
શાંતિ શાંતિ.. આપો પ્રભુ વાસ વૈકુંઠમાંય ... પ્રભુ.

## ભજનો

## જો ને વિચારી જીવડા

જો ને વિચારી તું જીવડા, શા સુખમેં મોહી રહ્યોજી
હા રે જોને વિચારી તું જીવડા, શા સુખમેં મોહી રહ્યોજી
હાં રે જોને વિચારી તું જીવડા,
આવ્યો ત્યારે તું એકલો, જાતાં એકલો જાવુંજી (૨)
વચમાં સંબંધ શા કામના, માયા જાળમાં બંધાયોજી... જોને.
મારું મારું શું કરી રહ્યો, નહિ મળે તારું આ તનજી (૨)
જૂઠા રે પુત્ર ને પ્રેમદા, જૂઠો ભવનો ભંડારજી... જોને.
ધન રે માળ્યાને ધર્મ એ જ છે, જે કાંઈ હાથે વપરાયજી (૨)
અંત સમે સહું મેલી જાશે, પલમેં થશે રે પરાયોજી... જોને.
જમરે જોરાવર લઈ જાશે, મેલશે ચોર્યાસી મેં ઠેલીજી (૨)
દારુણ દુઃખ જન્મ મરણનું, ત્યાં કોણ તારો બેલીજી... જોને
સાચું સગપણ હરિગુરુ સંતનું,
જીવને જાલમેથી કાઢેજી (૨)
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરબ્રહ્મને ભેટાવેજી... જોને
માની શકે તો તે માનજે, લેવો મનસાનો લહાવોજી (૨)
દાસ કબીર સાચું કહે, ફરી નહિ મળે આવો દાવજી... જોને.

## જે કુલમેં કોઈ ભકત ન કહાવે

જે કુલમેં કોઈ ભકત ન કહાવે,
કુલ કો કહાં લજાવે... રામ રામ (૨)
ગર્ભ સહિત એની માતા કર્યો ન મર ગઈ (૨)
ઐસા બેટા ન આવે ... રામ રામ (૨)
જોરુ લડકા સબે મિલિને (૨)
માયામાં લપટાવે... રામ રામ (૨)
પાણી વલોવતાં માખણ નહિ આવે (૨)
તત્ત્વ કહાંસે પાવે ... રામ રામ (૨)
બાહર ઉજળા ભીતર મેલા (૨)
ઘણા સ્વાદે ગાવે... રામ રામ (૨)
પ્રીત વિના પાનો નહિ આવે (૨)
મલી મલી વાછરું ધાવે... રામ રામ (૨)
ચિઠ્ઠી પત્રી બહુત ચલાવે (૨)
કોટિ ધજજ કહાવે... રામ રામ (૨)
જયોં દીપકમેં જલે પતંગા (૨)
ઐસે આપ જલાવે... રામ (૨)
સંત સંગમેં પલ નહિ આવે (૨)
જમકા દોર્યો જાવે ... રામ રામ (૨)
કહેત કબીરા સુનો ભાઈ સાધુ (૨)
ફીર ચોર્યાશી પાવે ... રામ રામ (૨)

## મારી નાડ તમારે હાથે

મારી નાડ તમારે હાથે, હરિ સંભાળજો રે,
મુજને પાતાનો જાણીને પ્રભુપદ પાળજો રે..મારી.
પથ્યાપથ્ય નથી સમજાતું,
દુઃખ સદૈવ રહે ઊભરાતું,
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે...મરી.
અનાદિ આપ વૈદ્ય છો સાચા,
કોઈ ઉપાય વિષે નહિ કાચા,
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે...મારી.
વિશ્વેશ્વર શું હજી વિસારો,
બાજી હાથ છતાં કાં હારો,
મહા મુઝારો મારો, નટવર ટાળજો રે...મારી.
કેશવ હરિ મારું શું થાશે,
ઘાણ વળયો શું ગઢ ઘેરાશે,
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે...મારી.

## સ્તુતિ

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વામેવ બંધુશ્ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવ દેવ.

## ભૂલ્યો, મન તમરા

ભૂલ્યો, મન ભમરા ! તું, કયાં ભમ્યો દિવસ ને રાત જી,
માયાનો બાંધ્યો પ્રાણિયો, સમજ્યો નહી સુધિ વાત જી...ભૂલ્યો.
કુંભ કાચો ને કાયા જાવરું, જોઈને કરો રે જતન જી,
વણસતાં વાર લાગે નહી, રાખો રૂડૂં રતન જી...ભૂલ્યો.
કોનાં છોરું, કોનાં વાછરું, કોનાં મા ને બાપ જી,
અંતકાળે જાવું એકલા, સાથે પુણ્ય ને પાપ જી...ભૂલ્યો.
જે ઘરે નોબત બાજતી રૂડા છત્રીસ રાગ જી,
ખંડેર થઈને ખાલી પડયાં, કાળા ઊડે રે કાગ જી...ભૂલ્યો.
જીવની આશા ડુંગર જેવડી, મરણ પગલાને હેઠજી,
મોટા મોટા ચાલી ગયા, ને લાખો લખપતિ શેઠજી...ભૂલ્યો.
ઊલટી નદી પૂર ઊમટી, જાવું પેલે પાર જી,
આગળ નીર મળે નહિ રે, જે જોઈએ તે લેજો સાથ્ર જી...ભૂલ્યો.
સત્કર્મ સદ્ વસ્તુ ઓરજો, ઈશ્વર સ્મરણ સાથજી,
કબીર જુહારીને નીસર્યા, લેખું સાહેબને હાથ જી..ભૂલ્યો.

## અખિલ બ્રહ્માંડમાં

(રાગ : જાગને જાદવા, શ્રી કૃષ્ણ ગોપાળિયા)

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જુજવે રૂપે અનંત ભાસે
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું શૂન્યમાં, શબ્દ થઈ વેદ
વાસે, પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહયો આકાશે,
વિવિધ રચના કરી અનેક રસ લેવા,
શિવ થકી જીવ થયો એ જ આશે,
વેદ તો એમ વદે શ્રુતિસ્મૃતિ શાખ દે,
કનકકુંડળ વિશે ભેદ ન્હોયે,
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે
ગ્રંથ ગરબડ કરી, વાત નકરી ખરી,
જેહને જે ગમે તેને પૂજે મન વચન કર્મથી આપ માની લહે,
સત્ય છે એ જ મન એમ સૂઝે,
વૃક્ષમાં બીજમાં વૃક્ષ તું, જોઉ પટંતરો એ જ પાસ
ભણે નરસૈયો એ મન તણી શોધના,
પ્રીત કરું પ્રમથી પ્રગટ થાશે,

## મંદિર તારું

મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સરજનહારા રે,
પળ પળ તારાં દરશન થાયે, દેખે દેખનહારા રે...મંદિર.
નહી પૂજારી, નહી કોઈ દેવા, નહી મંદિરને તાળા રે,
નીલ ગગનમાં મહિમા ગાતા, ચાંદો સૂરજ તારા
રે...મંદિર.
વર્ણન કરતાં શોભા તારી, થાકયા કવિગણ ધીરા રે,

## મળી છે કાય માનવની..

મળી છે કાય માનવની, જગતમાં ધૂપસળી થાજો,
સુગંધી અન્યને દેવા તમે જાતે બળી જાજો...મળી છે.
તમારું થાય તે થાયે, ન કરજો દેહની પરવા,
તમારી દેહ-ઘંટીથી બીજાનાં દુઃખ દળી જાજો...મળી છે.
તમારી જ્યોત બૂઝવવા ઘણા મેદાનમાં પડશે,
તમારી ટેક સાચવજો, બીજા કહે તે ગળી જાજો...મળી છે.
પ્રલોભન આવશે સામાં તમોને પાડવા માટે,
તજીને રાહ પડતીનો, વિજય પંથે વળી જાજો...મળી છે.
પુનિત પ્યારો તમારો છે, પછી પરવા કહો કોની?
જગતમાં રામભકત થાજો, જગે સાચું રળી જાજો...મળી

# શ્રીજી બાવા દીનદયાળા

શ્રીજી બાલા દીનદયાળા,
ભક્ત તમારો જાણજો,
હરિ ગુણ ગાતાં દોષ પડે તો,
સેવા અમારી માનજો... ૧
હું અપરાધી કાંઈ ન સમજ્યો,
નામ તમારાં અપાર છે,
આ દાસ ઉપર દયા કરો તો,
ગુણલાં તમારા ગાય છે... ૨
ઓ દીનબંધુઓ, ઓ રે દયાળુ, ઓ રે કૃપાળુ,
પ્રાર્થના કરું છું કરગ્રહી,
આ દાસ ઉપર દયા કરો તો,
દેજો જન્મ ન ફરી ફરી... ૩
ઓ ગોકુલવાસી, વૈકુંઠવાસી,
બુધ્ધિ અમારી સુધારજો,
આ જન્મ મરણનાં બંધન છૂટે,
એવી ભકિત અમને આપજો... ૪
અંત સમે પ્રભુ દયા કરીને દર્શન દેવા આવજો,
આ દાસ ઉપર દયા કરો તો,
ચરણ કમળમાં રાખજો... ૫

# ઝીની ઝીની બિની ચદરિયા

ઝીની ઝીની, ઝીની ઝીની,
બિની ચદરિયા...ટેક.
કાહેકે તાના કાહેકે ભરની,
કૌન તારસે બિની ચદરિયા...ઝીની,
ઈંગલા પીંગલા તાના ભરની,
સુષમન તારસે બિની ચદરિયા...ઝીની,
આઠ કંવલ દસ ચરખા ડોલે,
પાંચ તત્વ ગુન તિની ચદરિયા...ઝીની
સાંઈકો સીયત માસ દસ લાગે,
ઠોક ઠોક કે બિની ચદરિયા...ઝીની,
સો ચાદર સુર નર મુનિ ઓઢી,
ઓઢી કે મેલી કીની ચદરીયા...ઝીની,
દાસ કબીરે જતનસે ઓઢી,
જ્યોં કી ત્યોં ધરિ દીની ચદરિયા...ઝીની.

# ૐ નમો ભગવતે

ૐ નમો ભગવતે વાસુદેવાય (૨)
વાસુદેવાય જો ભાવે ભજાય,-
તો મોહ માયાના બંધન કપાય... ૐ નમો
મૃત્યુ મરે ને અમર થવાય,
વૈકુંઠ ધામમાં વાસ કરાય... ૐ નમો
મુકિતને માટેનો પંથ એ સીધો,
સંતો, મહંતો ને શાસ્ત્રોએ કીધો... ૐ નમો

## અંજલિ

હે નાથ જોડી હાથ, પાયે પ્રેમથી અમ માગીએ
શરણ મળે સાચું તમારું, એ હૃદયથી યાચીએ
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો...૧
વળી કર્મના યોગે કરી, જે કુળમાં એ અવતરે
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી, આપની ભકિત કરે
લખચોરાશી બંધનોને, લક્ષમાં લઈ કાપજો
પરમાત્મા એ આત્માને. શાંતિ સાચી આપજો...૨
સુસંપત્તિ સુવિચાર ને, સત્કર્મનો દઈ વારસો
જનમોજનમ સત્સંગથી, કિરતાર પાર ઉતારજો
આલોક ને પરલોકમાં, તવ પ્રેમ રગ રગ વ્યાપજો
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો...૩
મળે મોક્ષ કે સુખ સ્વર્ગનાં, આશા ઉરે એવી નથી
દ્યો દેહ દુલર્ભ માનવીનો ભજન કરવા ભાવથી
સાચું બતાવી રૂપ,શ્રી રણછોડ હૃદયે સ્થાપજો
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો...૪

શ્વાસે શ્વાસે રામ, ઉચ્છવાસે હરિ
નિત્ય રટણ કરશે, તે જશે રે તરી

-ગો. ભકત

## ભજન

### પ્રભુ દ્વાર તમારા ખોલો રે

(રાગ : મારા ગણપતિ દેવ દયાળુ રે)

પ્રભુ દ્વાર તમારા ખોલો રે (૨) આવ્યો એ પુણ્યાત્મા,
આ દુનિયાની સગાઈ રહી પ્યારમાં પથરાઈ,
એમાં આત્મા ગયો લપટાઈ રે...આવ્યો (૨)
આ ચારે કોરની માયા, તેમાં સઘળા ભેદ સમાયા,
મન માનવનાં લોભાયાં રે..આવ્યો (૨)
આ કાયા કુંભ છે કાચો, સમજો તો એમાં રાચો,
પ્રભુ તું છે એક સાચો રે...આવ્યો (૨)
એણે સત્કર્મો કંઈ કીધા, એણે દુઃખ સહન કરી લીધાં,
તારા નામના અમૃત પીધાં રે...આવ્યો (૨)
લીધી તારા નામની માળા, હવે ભજીએ છેલ છોગાળા,
ઓ ગિરધારી ગોપાલા રે...આવ્યો (૨)
તારે હાથે છે મુજ નૈયા, તને પોકારું તરવૈયા,
તમે આવોને રખવૈયા રે...આવ્યો (૨)
તમે વાર આવો નાથ, એનો પકડી લોને હાથ,
પછી છોડું નહિ સંગાથ રે...આવ્યો (૨)
ઓ અવિચળ ભાનુ ચંદા, એ તારી લીલા ગોવિંદા,
ઓ જશોદાજીના નંદા રે...આવ્યો (૨)
પ્રભુ એ છે પ્રાર્થના હમારી એ આત્માને લેજો તારી,
પ્રભુ સુણજો કૃષ્ણ મોરારી રે...આવ્યો (૨)

## વૈષ્ણવવજન

વૈષ્ણવજન તો તેને કહીએ
જે પીડ પરાઈ જાણે રે
પરદુઃખે ઉપકાર કરે તોયે,
મન અભિમાન ન આણે રે...વૈષ્ણવ.
સકળ લોકમાં સહુને વંદે
નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચળ રાખે,
ધન ધન જનની તેની રે...વૈષ્ણવ.
સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી,
પર સ્ત્રી જેને માત રે,
જિહવા થકી અસત્ય ન બોલે,
પર ધન નવ ઝાલે હાથ રે...વૈષ્ણવ.
મોહ માયા વ્યાપે નહિ જેને,
દઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી રે લાગી,
સકળ તીરથ તેના તનમાં રે...વૈષ્ણવ.
વણ લોભી ને કપટ રહિત છે,
કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈયૌ તેનું દર્શન કરતા,
કુળ એકોતેર તાર્યા રે...વૈષ્ણવ.

# ધૂન સંગ્રહ

મારું મૂંગાનું વચન, રામ તૂહી તૂહી !
મારું ગરીબ કેરું ધન, રામ તૂહી તૂહી !
જન્મ કાળે રે હિંડાળો, રામ તૂહી તૂહી !
મૃત્યુ કાળે શીતળ ખોળો, રામ તૂહી તૂહી !
ટૂંકું ટચૂકડું નામ, રામ રામ રામ બોલો !
રામ નામ બોલો,
સિયારામ નામ બોલો,
અંતરમાં આપશે આરામ, રામ રામ રામ બોલો !

રામ ધૂન લાગી, ગોપાલ ધૂન લાગી,
કબીરાની વાણી સૂણી, રામ ધૂની લાગી,
સત્ય ધૂન લાગી, સેવા ધૂન લાગી,
ગાંદીજીની વાણી સૂણી, સત્ય ધૂન લાગી !

શ્રી રામ જય રામ જય જય રામ,
શ્રી રામ જય રામ જય જય રામ,
તુલસીના પાનમાં વસે શ્રી રામ...શ્રી રામ.
વલ્લભ વિઠ્ઠલ ગિરિધારી,
ગાંધીજીની બલિહારી...શ્રી રામ.

નહી યહ તેરા નહી યહ મેરા
ઈશ્વરકા યહ રાજ્ય હૈ,
ઈશ્વરકા જલ, ઈશ્વરકા ફલ
ઈશ્વર હી અનાજ હૈ
ફોગટ ખાવે ચોર કહાવે
ગીતા કી આવાજ હૈ..નહી.

જીવનમાં સત્ય ખોજ, રામ બોલ રામ બોલ,
પ્રેમ તણો મંત્ર રટી, કૃષ્ણ બોલ કૃષ્ણ બોલ,
હૈયે કરુણા ધરી, બુદ્ધ બોલ બુદ્ધ બોલ.

રઘુપતિ રાઘવ રાજા રામ,
પતિતપાવન સીતારામ,
પતિતપાવન સીતારામ
પતિતપાવન સીતારામ,
રઘુપતિ રાવ રાજારામ,
પતિતપાવન સીતારામ,
ઈશ્વર અલ્લા તેરે નામ,
સબકો સન્મતિ દે ભગવાન,
રાતે નિદ્રા દિવસે કામ,
કયારે ભજશું સીતારામ...રઘુપતિ.

# ઈશ ઉપનિષદ મંત્રો
(ચૂંટેલા મંત્રો)

હરિ ૐ
પૂર્ણ એ છે, પૂર્ણ આ છે,
પૂર્ણથી તો પૂર્ણ ઊગ્યું છે બધું,
પૂર્ણમાંથી પૂર્ણ આપી દો ભલે,
શેષ પાછળ પૂર્ણ રહેવાનું સદા
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ (૧)

ઈશ ભવન છે આ સચરાચર,
સ્વર્ણ નિયમ ત્યાં આવો,
કમાઓ તે દઈ દઈ ને ખાઓ,
પર-ધન પર ના ધાઓ,
ખાઈ ભોગવી શું ખુશ થાઓ?
માણસ છો કે ગીધ?
ત્યાગમાં જ છે ભોગ ખરો ને
ખરું ખાધું જે દીધ.

(૨)

કામ કરો બહુ ખૂબ ઘસાઓ,
સુખે શતાયુ થાઓ,
માનવ તુજ પથ આજ અવર નહિ,
કર્મે કાં ગભરાઓ?

(૩)

આત્મ ઘાતકી અન્ધ જનો જે,
આત્મ માર્ગ આ તજશે,
અસુર્ય તમ ઘન ઘોર લોકમાં,
મર્યા પછી જઈ પડશે

(૪)

હલે ચલે નહિ તો યે આત્મા,
મનથી ગતિમાં વહેલો,
દેવો એને શકયા ન આંબી,
એકલ આદિમ પહેલો

(૫)

ઊભો આત્મા તો યે અગાડી,
દોડે તે સૌ પડયાં પછાડી,
એ આત્માને સૃષ્ટિ માતા,
પાતી જીવન-વારિ.

(૬)

ચાલે છે પણ નથી ચાલતો,
દૂર છતાં બહુ પાસે,
અંતરમાં એ સભર ભર્યો,
બહાર એજ ચોપાસે

(૭)

જે જન દેખે નિજની માંહી,
સર્વે જીવ સમાયા,
સર્વે જીવમાં જુએ આપને,
તેને કોણ પરાયા?

(૮)

જે જ્ઞાનનિ મન નિજ આત્મા,
સર્વે જીવ સ્વરૂપી,
એ શીદ કોને દૂભે,
એને કોઈ શકે શેં દૂભી?

(૯)

આત્મા તત્ત્વ આ શુદ્ધ બુદ્ધ છે,
શરીર નહિ પણ શુક્ર,
માંદું ન પડે, ચાંદુ ન પડે,
પાપે પડે ન છિદ્ર.

(૧૦)

હિરણ્યમય માયાવી પાત્રે,
સત્યનું મુખડું ઢાકયું,
ખોલ ખોલ હે સૂર્ય ! સત્ય તે
સત્યધર્મી હું યાચું,

(૧૧)

હે સૂર્ય આત્મજ્ઞ ! હે વિશ્વપોષક!
હે જન્મદાતા ! હે મૃત્યુ મોચક !
તારાં રૂડાં રશ્મિ મુજમાં ભરી દે,
મારાં પ્રતિરશ્મિ તુજમાં હરી લે,
ઊંચે ત્યહાં જોઉ શું હું?
કલ્યાણકારી આત્મા પ્રભુ તું.
નીચે અહી આ હૃદયે હસી રહ્યો,
ચૈતન્યમૂર્તિ આત્મા પ્રભુ તું,
ત્યાં જે તું દેવ, અહી તે હું માનવ,
તું તે જ આત્મા, હું તે જ આત્મા

(૧૨)

પ્રયાણકાળે સહુ થાય સ્પષ્ટ,
શરીર તો ભસ્મ આત્મા જ અમૃત
ત્યારે આત્મા આત્મ વિષે મળી જશે,
વાયુ થઈ વાયુ ભેળો ભળી જશે.

શરીર તો ભસ્મ થઈ ખરી જશે,
કર્યાં સુકર્મો સ્મૃતિમાં રહી હશે,
શરીરને ભૂલી ગતાત્મ જીવનાં
કરેલ સત્કર્મ સૌ સંઘરી લો
ને ભસ્મ ગંગાજળમાં વહાવી
તેનાં કર્યાં જીવનમાં ભરી લો

(૧૩)

હે અગ્નિ ! હે દેવ ! અમને તું દોરજે,
કલ્યાણ પંથે અમને લઈ જજે !
હે વિશ્વના સૌ પથના પથંકરી !
હે આત્મના દ્વારના દ્વારસંતરી !
તને હજારો નમનો વળી વળી !
તને કરોડો નમનો ફરી ફરી !
વાટે નડે આવી પાપો અમારાં,
તે હીનને હાંકજે તું લડી લડી !
તને હજારો નમનો વળી વળી !
તને કરોડો નમનો ફરી ફરી !
ૐ પૂર્ણ એ છે, પૂર્ણ આ છે..

## ગીતા અભ્યાસ

### ધ્યાન-મંત્રો

છોડીને સઘળાં ધર્મો, તારું જ શરણું ધર્યું,
તું જ સકળ પાપોથી છોડાવ મુજને પ્રભુ,-૧
વસીને સર્વે ભૂતોનાં હૃદયે, પરમેશ્વર,
માયાથી ફેરવે સૌને, જાણે યંત્ર પરે ધર્યો-૨
તારે જ શરણે આવું સર્વભાવથી, કેશવ
તારા અનુગ્રહે લેશ શાંતિ ને શાશ્વત પદ-૩
અનન્ય ચિત્તથી જેઓ કરે તારી ઉપાસના,
તે નિત્યયુકત ભકતોનો યોગક્ષેમ ચલાવતો-૪
પત્રં પુષ્પં ફલં તોય જે આપે ભકિતથી તને,
ભકિતએ તે અપાયેલું આરોગે યત્નવાનનું-૫
જે કરું, ભોગવું વા જે, જે હોમું, દાન જે કરું,
આચરું તપને વા જે, કરું અર્પણ તે તને-૬
સમ તું સર્વભૂતોમાં, વાલા-વેરી તને નથી,
પણ જે ભકિતથી સેવે, તેમાં તું, તુજમાંહી તે-૭
મોટોયે કો દુરાચારી એકચિત્તે ભજે તને,
શીઘ્ર તે થાય ધર્માત્મા, પામે શાશ્વત શાંતિને-૮

સ્ત્રીઓ, વૈશ્યો તથા શુદ્રો, જીવો પાપીય યોનિના,
જો તારો આશરો લે તો, તેયે પામે પરંગતિ-૯
વીન, રાગ, ભય, ક્રોધ, તને આશ્રિત તું મય,
જ્ઞાન તપે થઈ શુદ્ધ, પામ્યા ત્વદ્દ્ભાવને ઘણા-૧૦
અજન્મા, અવ્યયાત્મા ને ભૂતોનો ઈશ્વરે છતાં,
ઊપજે આત્મામાયાથી તારી પ્રકૃતિ પે ચડી-૧૧
પ્રકૃતિ પ્રસવે સૃષ્ટિ તારી અધ્યક્ષતા વડે,
તેના કારણથી થાય જગનાં પરિવર્તનો-૧૨
અવ્યકતરૂપ તું થી જ ફેલાયું સર્વ આ જગત,
તું-માં રહયા બધાં ભૂતો, તુ તે માંહી રહયો નથી-૧૩
નથીયે કો તું માં ભૂતો, શો તારો યોગ ઈશ્વરી !
ભૂતાધાર, ન ભૂતોમાં ભૂત-સર્જક રૂપ તું-૧૪
સર્વગામી મહાવાયુ નિત્યઆકાશમાં રહે,
તેમ સૌ ભૂત તારામાં રહયા છે એમ જાણું હું-૧૫
તું જ આત્મા, રૂપીકેશ, ભૂતોનાં હૃદયો વિષે,
આદિ, મધ્ય તથા અંત તું જ છું ભૂતમાત્રના-૧૬
બીજ જે સર્વ ભૂતોનું જાણું હું તેય તું જ છું,
તું વિનાનું નથી લોકે કોઈ ભૂત ચરાચર-૧૭

જે કોઈ સત્વમાં કાંઈ લક્ષ્મી વીર્ય વિભૂતિ વા,
જાણું તે સઘળું તારા તેજના અંશથી થયું-૧૮
ભગવન્ લાભ શો મારે, જાણી વિસ્તારથી ઘણા
એક જ અંશથી તારા આખું વિશ્વ ધરી રહ્યો-૧૯
બીજું કોઈ નથી તત્ત્વ તારાથી પર જે ગણું
તું માં આ સૌ પરોવાયું, દોરામાં મણકા સમું-૨૦
ભૂતેશ, ભૂતકર્તા હે, દેવ દેવ જગત્પતે,
યોગેશ્વર નમી માંગુ અખંડ તુજ યોગને-૨૧
તું જ આ જગનો ધાતા, પિતા, માતા, પિતામહ
જ્ઞેય પવિત્ર ઓંકાર, ઋગ્ યજુ સામવેદ તું-૨૨
પ્રભુ ભર્તા સુહૃદ સાક્ષી, નિવાસ શરણું ગતિ,
ઉત્પત્તિ પ્રલય સ્થાન, નિધાન બીજ અવ્યય-૨૩
સાક્ષી માત્ર અનુજ્ઞાતા, ભર્તા ભોક્તા મહેશ્વર,
કહેવાય પરમાત્માયે, દેહે પુરુષ તું પરં-૨૪
અવ્યયી પરમાત્મા તું, વિના આદિ વિના ગુણો
તેથી દેહે રહે તોયે, તું અકર્તા અલિપ્ત રહે-૨૫
સૂક્ષ્મતા કારણે વ્યોમ, સર્વ વ્યાપી અલિપ્ત રહે
આત્મા તું તેમ સર્વત્ર, વસી દેહે અલિપ્ત રહે-૨૬

કાં જે તું ક્ષરથી પાર, અક્ષરથીય ઉત્તમ
તેથી તું લોકને વેદે, વર્ણાય પુરુષોત્તમ-૨૭
તમે પરં અક્ષર જ્ઞેય તત્ત્વ
તમે મહા આશ્રય વિશ્વનું આ
અનાશ છો શાશ્વત ધર્મપાળ
જાણું તમે સત્ય અનાદિ દેવ-૨૮
પુરાણ છો પુરુષ આદિ દેવ
તમે જ આ વિશ્વનું અંત્યધામ
જ્ઞાતા તમે જ્ઞેય પરં પદે છો,
તમે ભર્યુ વિશ્વ અનંતરૂપ-૨૯
જેથી પ્રર્વતતાં ભૂતો, જેણે વિસ્તાર્યુ આ બધું
તું જ તે સર્વ દેવેશ, પરંબ્રહ્મ સનાતન-૩૦
નિવાસ સૌના હૃદયે કરે તું
તું થી સ્મૃતિ જ્ઞાન તથા વિવેક
વેદો બધાનું તું જ એક વેદ્ય
વેદાંતકર્તા તુ જ વેદવેત્તા-૩૧
જેને કહે અક્ષર વેદવેત્તા
જેમાં વિરાગી યતિઓ પ્રવેશે
જે કાજ રાખે વ્રત બ્રહ્મચર્ય
ઓંકાર શબ્દે પદ વર્ણવે જે-૩૨

સૂર્ય જેને પ્રકાશે ના, ના ચંદ્ર અગ્નિયે નહી
જ્યાં પહોંચી ન ફરે પાછા, તારું તે ધામ ઉત્તમ-૩૩
પરંબ્રહ્મ પરંધામ, છો પવિત્ર તમે પરં
આત્મા શાશ્વત ને દિવ્ય, અજન્મા આદિ ને
વિભુ-૩૪
તમારું રૂપ જાણે ના, દેવો કે દાનવો પ્રભુ
તમે જ આપને આપે, જાણતા પુરુષોત્તમ-૩૫
અવજાણે તને મૂઢો, માનવી દેહને વિષે
ન જાણતા પરંભાવ, તારો ભૂત મહેશ્વરી-૩૬
તારાં જન્મ તથા કર્મ, દિવ્ય જે આમ તત્ત્વથી
જાણે તે ન ફરી જન્મે, મર્યે પામે તને જ તે-૩૭
મહાત્માઓ તને જાણી, ભુતોનો આદિ અવ્યય
અનન્ય મનથી સેવે, દૈવી પ્રકૃતિ આશર્યા-૩૮
કીર્તિ તારી સદા ગાતા, યત્નવાન વ્રત દઢ
ભકિતથી તુજને વંદી, ઉપાસે નિત્ય યોગને-૩૯
જ્ઞાન યજ્ઞેય કો ભકતો, સર્વ વ્યાપી તને ભજે
એક ભાવે પૃથગ્ભાવે, બહુ રીતે ઉપાસતા-૪૦
સતત એક ચિત્તે જે, સદા સંભારતો તને
તે નિત્ય યુકત યોગીને, સહેજે તું પ્રાપ્ત થાય છે-૪૧
તને પહોંચી મહાત્માઓ, પામેલા શ્રેષ્ઠ સિદ્ધિને

રહેલો આત્મભાવે તું, તેજસ્વી જ્ઞાનદીપથી
કરુણા ભાવથી મારા, અજ્ઞાનતમને હણ-૪૩
મને અખંડ યોગીને, ભજતા પ્રીતિથી તને
આપ તે બુધ્ધિનો યોગ, જેથી આવી મળું તને-૪૪
મન ભકિત તને અર્પુ, તને પૂજું તને નમું
નિશ્ચે તને જ પામીશ, તુ પરાયણ ઈશ્વર-૪૫

## ભકિત તત્ત્વ
(ગીતા અધ્યાય : ૧૨)

અર્જુન બોલ્યા :
નિત્ય યુકત થઈ આમ જે ભકત તમને ભજે
ને જે અક્ષર અવ્યકત, તે બે માંહી કયો ચડે-૧

શ્રી ભગવાન બોલ્યા :
મારામાં મનને પ્રોઈ, નિત્ય યુકત થઈ મને ભજે
પરમ શ્રધ્ધાથી, તે યોગી ચડતા ગણું-૨
જેઓ અચિંત્ય અવ્યકત, સર્વ વ્યાપક નિશ્ચળ
એકરૂપ અનિર્દેશ્ય, ધ્રૂવ અક્ષરને ભજે-૩
ઈન્દ્રિયો નિયમે રાખી, સર્વત્ર સમ બુધ્ધિના
સર્વ ભૂત હિતે રકત, તેયે મને જ પામતા-૪

અવ્યકત ચિત્ત ચોંટાડે, તેને કલેશ થતો વધુ,
મહા પરિશ્રમે દેહી, પામે અવ્યકતમાં ગતિ-૫
મારામાં સર્વ કર્મોનો કરી સન્યાસ, મત્પર,
અનન્ય યોગથી મારા કરે ધ્યાન-ઉપાસના-૬
મારામાં ચિત્ત પ્રોતા તે ભકતોનો ભવસાગરે
વિના વિલંબ ઉદ્ધાર કરું છું, પાર્થ, હું સ્વયં-૭
હું માં જ મનને સ્થાપ, નિષ્ઠા મારી જ રાખ તું
તો મારામાં જ નિઃશંક, તું વસીશ હવે પછી-૮
જો ન રાખી શકે સ્થિર હું-માં ચિત્ત સમાધિથી
તો મને પામવા ઈચ્છ, સાધી અભ્યાસ યોગને-૯
અભ્યાસેયે ન જો શકિત, થા મત્કર્મપરાયણ
મારે અર્થે કરે કર્મો, તોયે પામીશ સિદ્ધિને-૧૦
જો ન કરી શકે તેયે, આશરો મુજ યોગને
તો સૌ કર્મફળો ત્યાગ, રાખીને મનને વશ-૧૧
ઊંચું અભ્યાસથી જ્ઞાન, જ્ઞાનથી ધ્યાન તો ચડે
ધ્યાનથી ફળનો ત્યાગથી શાંતિ સત્વર-૧૨
અદ્વેષ સર્વ ભૂતોનો, મિત્રતા, કરુણા, ક્ષમા,
નિર્મમ, નિરહંકાર, સુખદુઃખે સમાનતા-૧૩

યોગી સદાય સંતોષી, જિતાત્મા, દૃઢ નિશ્ચયી,
મનબુદ્ધિ મને અર્પ્યાં ને મદ્‌ભકત મને પ્રિય-૧૪
જેથી દુભાય ના લોકો, લોકથી જે દુભાય ના,
હર્ષ-ક્રોધ-ભય-ક્ષોભે છૂટયો જે તે મને પ્રિય-૧૫
પવિત્ર, નિઃસ્પૃહી, દક્ષ, ઉદાસીન, વ્યથા નહિ,
સૌ કર્મારંભ છોડેલો, મારો ભકત મને પ્રિય-૧૬
ન કરે હર્ષ કે દ્વેષ, ન કરે શોક કે સ્પૃહા
શુભાશુભ ત્યજ્યાં જેણે, ભકિતમાન મને પ્રિય-૧૭
સમ જે શત્રુ ને મિત્રે, સમ માનાપમાનમાં
ટાઢે-તાપે, સુખે-દુઃખે સમ, આસકિતહીન જે-૧૮
સમાન સ્તુતિ-નિંદામાં, મૌની, સંતુષ્ટ જે મળે
સ્થિરબુદ્ધિ, નિરાલંબ, ભકત જે, તે મને પ્રિય-૧૯
આ ધર્મામૃતને સેવે શ્રદ્ધાથી જેમ મેં કહયું
મત્પરાયણ જે ભકતો, તે મને અતિશે પ્રિય-૨૦

## અમૂલ્ય તત્ત્વવિચાર

બહુ પુણ્ય કેરા પૂંજથી શુભ દેહ માનવનો મળયો,
તોયે અરે ! ભવચક્રનો, આંટો નહિ એકકે ટળયો
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?
લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એનેય ગ્રહે,
વધવાપણું સંસારનું, નરદેવને હારી જવો,
એનો વિચાર નહિ અહો હો ! એક પળ તમને હવો !
નિર્દોષ સુખ નિર્દોષ, આનંદ લ્યો ગમે તમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શકિતમાન જેથી જંજીરેથી નીકળે,
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે, પશ્ચાત્ દુઃખ તે સુખ નહી.
હું કોણ છું? કયાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પર હું?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આંત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યા,
તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો. તેહ જેવો અનુભવ્યું,
રે ! આત્મ તારો ! આત્મા તારો શીઘ્ર એણે ઓળખો,
સર્વાત્મમાં સમદષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.

## ॐ સદ્‌ગુરુ કબીર સાહેબની આરતી ॐ

ॐ જય સાહેબ કબીર

ॐ જય સાહેબ કબીર... પ્રભુ

પ્રગટ પ્રભુ છો સાચા (૨)

અલખ નિરંજન દેવ... ॐ જય.

*Aum Jai Saheb Kabir*

*Aum Jai Saheb Kabir*

*Pragatt Parbhu Chho Sacha,*

*Alaakh Niranjan Dev... Aum Jai.*

પાવન કાશી તિર્થે

કમલ પત્ર પર આપ...પ્રભુ

ધન્ય કર્યા નિરુ નિમા (૨)

પ્રગટયા જગ હિત કાજ... ॐ જય

*Paavan kashi Teerthe*

*Kamal Patra Par Aaap.. Parbhu*

*Dhannya Karya Niru Nima (2)*

*Pragatya Jag Heet Kaaj.. Aum Jai.*

સદગુરુ રામનંદજી,
રામનો મંત્ર ધરે.. પ્રભુ
માનવ ધર્મ પ્રચારે (૨)
ગાઢ તિમિર હરે... ૐ જય.

*Sadguru Ramanandji,*
*Ram no Mantra Dhare.. Prabhu*
*Manav Dharma Prachare (2)*
*Gadh Teemir Hare... Aum Jai*

તત્વાજી જીવાજીની,
ભક્તિ માન્ય કરી.. પ્રભુ
કબીરવડ પ્રગટાવ્યો (૨)
ગૂર્જર ભૂમિ મહી.. ૐ જય.

*Tatvaji Jivaji ni,*
*Bhakti Maanya Kari... Prabhu*
*Kabirvad Pragtavý (2)*
*Gurjaar Bhoomi Mahee... Aum Jai*

આતમ દેવ છે એક જ,
એ ઉપદેશ ધર્યો... પ્રભુ
અસંખ્ય ભજનો સાખી (૨)
બિજક ગ્રંથ રચ્યો...     જય.

*Aatama Dev Chhe ekaj*
*A Upadesh Dharyo.. Prabhu*
*Asankhya Bhajano Sakhee (2)*
*Bijjak Granth Rachyo... Aum Jai.*

જ્ઞાન ભક્તિનાં પંથને
સરળ કીધો છે આજ... પ્રભુ
શીતળ છાયંડી ધરતા (૨)
ટાળી દીધા ત્રિતાપ... ૐ જય.

*Gnyan Bhaktina Panth Ne,*
*Sara~ Kidho Chhe Aai... Prabhu*
*Sheetal Chhayadi Dharata (2)*
*Tali Didha Tri Tapp... Aum Jai.*

શ્રી ચરણોમાં વંદન કરતા
ભકતો માંગે આજ.. પ્રભુ
જ્ઞાન દીપ પ્રગટાવો (૨)
અમ અંતરમાં રામ... ૐ જય

*Shree Charano Ma Vandan Karta,*
*Bhakto Maange Aaj... Prabhu,*
*Gnyan Deep Pragatavo (2)*
*Aam Antarmaa Ram... Aum Jai*

અપરોધોને ક્ષમા કરીને
આશિષ ધરજો આજ... પ્રભુ
કલ્યાણ કરો સૌનું (૨)
સર્વેશ્વરીનાં નાથ... ૐ જય

*Apradho Ne Xama Karine,*
*Aashish Dharjo Aaj... Prabhu*
*Kalyan Karo Saunu (2),*
*Sarveshwari Naa Naath... Aum Jai*

કર્પુર ગૌરં કરુણાવતારં સંસાર સારં ભૂજગેન્દ્રહારમ !
સદા વસનાં હૃદયારવિંદે ભવં ભવામિ સહિતં નમામિ !!
મંગલ ભગવાન વિષ્ણું મંગલ ગરુડધ્વજ !
મંગલ પુડરિકાક્ષો મંગલાયતનો હરિ !!
સર્વ મંગલમાંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે !
શરણ્યે ત્ર્યંબકે ગૌરી નારાયણી નમોસ્તુતે !! (૩)

*Kapur Gauram Karunav Taaram,*
*Sansar Saram Bhujgendra Haaram*
*Sada Vasnaam Raadyar Vinde,*
*Bhavam Bhavani Sahitam Namami !!*
*Mangalam Bhagvan Vishnu,*
*Mangalam Garuda Dhavaj*
*Mangalam Pundri Kaaxo,*
*Mangala Yaatno Haree*
*Sarva Mangal Mangalye*
*Shive Sarva Shathe Sadhike*
*Sharanye Trayambake Gauri*
*Narayani Namostute (3)*

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન, હરણ ભવભય દારુણમ્
નવકંજ લોચન કંજમુખ કરકંજ, પદ કંજારુણમ્... શ્રી રામ
કંદર્પ અગણિત અમિત છબી, નવનીલ નીરદ સુંદરમ્
પટપીત માનહુ તશ્રિંત રુચિ શુચિ, નૌમિ જનક સુતાવરમ્
શિર મુકુટ કુંડલ તિલક ચારુ, ઉદાર અંગ વિભૂપણમ્
આજાનભૂજ શર ચાપધર, સંગ્રામ જિત ખરદૂપણમ્... શ્રી રામ
ભજ દીનબંધુ દીનેશ દાનવ, દૈત્ય વંશ નિકંદનમ્
રઘુનંદ આનંદ કંદ કૌશલ, ચંદ દશરથ નંદનમ્... શ્રી રામ
ઈતિ વદતિ તુલસીદાસ શંકર, શેપ મુનિ મનરંજનમ્
મમ હૃદયકુંજ નિવાસ કુરુ કામ દિ, ખલદલ ગંજનમ્... શ્રી

*Shree Ramchandra Krupalau Bhaja Mana*
*Harna Bhǎv Bhay Daaru Naam*
*Nava Kanj Lochan Kanj Mukh Kaar Kanja,*
*Pada Kunj Rurnama.. Shree Ram..*
*Kandarp Aganeet Amit Chhabi,*
*Nav Nil Neerad Sundaram*
*Pad Pit Man Hum Tarit Ruchi Suchi,*
*Naumi Janak Sutavaranum*
*Shir Mukut Kundal Tilak Charoo,*
*Udaar Aanga Vibhushanam*
*Aajan Bhuj Shar Chaǎpgar,*
*Sangram Jeet Khar Dhushanam*
*Bhaja Din Bhandhu Dinesh Danav,*
*Dhatiya Vansa Nikandanm*
*Ragunanda Ananda Kaand Kaushal,*
*Chand Dasratha Nandanam... Shree Ram*
*Iiti Vadati Tulsidas Shankar Shesh Muni Mana Ranjanam*
*Mm Mm Radayi Kunj Nivas Kuru,*
*Kamadi Khaldal Ganjanaam... Shree Ramchandra*

ત્વમેવ માતા ચ પિતાત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખાત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વ મમ દેવદેવ !!
ગુર્ંબ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુદેવો મહેશ્વર
ગુરુ શાક્ષાત્પર બ્રહ્મ, તસ્મે શ્રી ગુરુવે નમઃ !
અચ્યુતં કેશવં રામ નારાયણં, શ્રી કૃષ્ણદામેદરં વાસુદેવં હરિ
શ્રીધરં માધવં ગોપિકા વલ્લભં, શ્રી જાનકી નાયકં રામચંદ્ર ભજે !

*Tvamev Mata, Cha Pita Tvamev,*
*Tvamev Bandhu Cha Sakha Tvamev,*
*Tvamev Vidya Dravinam Tvamev,*
*Tvamev Sarvam mm mm Dev Dev !*
*Guru Bhrahama, Guru Vishnu,*
*Guru Devo Maheshavara*
*Guru Sakh Xaat Param Bhrahama,*
*Tasmai Shree Guruve Namaha*
*Asyutam Keshavam Ram Narayanam*
*Shree Krushna Damodaram Vasudevam Haree*
*Shree Dharam Madhavam Gopika Vallabhbham*
*Shree Janki Nayakam Ramchandra Bhaje*

હરે રામ હરે રામ, રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે,
શ્રી રામચંદ્ર ભગવાનકી જય
શ્રી બાચકૃષ્ણ લાલકી જય
પવનપુત્ર હનુમાન કી જય
હર હર મહાદેવ કી જય
આદ્યય શકત અંબે માતકી જય,
સદ્દગુરુ દેવ કી જય
શ્રી કબીર ભગવાન કી જય
બોલો ભાઈ સબ સંતન કી જય.

*Hare Ram Hare Ram, Rama Rama Hare Hare,*
*Hare Krishna Hare Krishna, Krishna Krishna Hare Hare,*
*Shree Ramchandra Bhaghavan Ki Jai*
*Shree Bal Krushna Lal Ki Jai*
*Pavan Putra Hanuman Ki Jai*
*Haar Haar Mahadev Ki Jai*
*Aadya Shakti Aambe Maat ki Jai*
*Saad Guru Dev Ki Jai*
*Shree Kabir Bhagavan Ki Jai*
*Bolo Bhai Saab Santan Ki Jai*

## સારંગ

(બપોરે ૧૧ વાગ્યા પછી ગાવાનાં પદો)

### પદ : ૧

રામ કો નિત કીજે સુમરણ રામકો નિત કીજે,
નિમંલ નિર્મલ પ્રેમ હરિરસ, સંતસંગત મિલી પીજે...
જુદી રે માયા મોહ વિષય રસ, એ મન ત્યાગી દીજે
હૃદય કમલમેં નિશદિન હરિહરિ, એહી વિલંબ ન કીજે
તનમન ધન સબ મનસા વાચા, રામ સમર્પણ કીજે,
કહત કબીર ઓર નહીં માગું, ચરણ કમલ દત્ત દીજે...

### પદ : ૨

ગોવિંદ નામ ધર્યો, કીન તેરો ગોવિંદ નામ ધર્યો,
દ્રુપદ સુતાકી લજ્જા રાખી, ચીરકો દાન કર્યો,
ચાર પદારથ દીયો હે સુદામા, તાંદુલ મુખમેં ધર્યો,
સાંદીપનિ કો સુત આનંદીયો હે, વિદ્યાકો પાઠ પઢયો
લેને રે દેને તું હરિ દાતા, મોસે કછુ ના સર્યો,
સુરકી બેર કઠણ હોઈ બેઠી જનમકો અંધ કર્યો.

## પદ : ૩

મંદિર દેખ ડરે રે સુદામાજી તો મંદિર દેખ ડરે
કહાં જો ગઈ મોરી તૃણકી ઝૂંપડિયા તાંદોર મોલ ખડે...
પહેલે રે પહોરે હસ્તી ઝુલે, દુજે તોરીગ ખડે,
ત્રીજે રે પહોરે વસ્ત્ર જ ભારી, ચોથે રત્ન જડિત...
જા ઘેર તાલ પખવાજ વાગે, તા ઘેર નોબત વાગે
જા ઘેર રાગ છત્રીસે આલાપે, તા ઘેર અભર ભરે...
ઈત ઊત જાત ફિરત હે સુદામા, મનમેં સોચ કરે
ધામ દેખી મન ચકિત ભયો હે, ડરીડરી ડગલાં ભરે...
મોલ મેં બૈઠી નાગર બ્રાહ્મણી, પંડિત આવોને ઘેર
સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો દરિદ્ર દૂર કરે.

卐


| | |
|---|---|
| પ્રથમ આવૃત્તિ | નકલ : ૨૦૦૦ |
| બીજી આવૃત્તિ | નકલ : ૩૦૦૦ |
| ત્રીજી આવૃત્તિ | નકલ : ૨૦૦૦ |
| ચોથી આવૃત્તિ | નકલ : ૩૦૦૦ |

મુદ્રક : નટુભાઈ પટેલ, રોનક પ્રિન્ટર્સ, (બારડોલી)
પ્રકાશક : માલીબહેન પરિવાર વતી મહેન્દ્રભાઈ ભકત